## જન્મદિને વધામણી



ઈન્દુમતિ નૌતમલાલ નિમાવત
સ્થાપક, મીરાં ભજન મંડળ
મો. ૯૮૨૪૬ ૮૦૨૨૮



ધનાભાઈ એસ વણકર



સિદ્ધિ
ચિંતનકુમાર ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧



કલગી પંકજ દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫



આહના અમિત પંડ્યા

# શ્રી જે એમ ચૌધરી સ્કૂલમાં રમતોત્સવ





શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી અંગ્રેજી માધ્યમ શાળા અને શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ૯મો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો હતો. સંસ્થાના પ્રમુખ હરિભાઈ ચૌધરીના સાંનિધ્યમાં મુખ્ય મહેમાન સનદી અધિકારી એચ સી મોદી અને અતિથિ વિશેષ જે એમ મિસન દ્વારા રમતોત્સવની રંગારંગ શરૂઆત કરાવવામાં આવી હતી.

રમતોત્સવની શરૂઆતમાં પરેડ અને સમૂહ સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરી સૌનાં દિલ જીતી લીધાં હતાં. રમતોત્સવ અંતર્ગત વિવિધ રેસ, કબડ્ડી, ટગ ઑફ વૉર, ગૅટ રેડી ફૉર સ્કૂલ જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

આ રમતોત્સવને સફળ બનાવવા આચાર્ય ભાવનાબેન સેંગલ, પીટી ટીચર ઉષાબેન અને સમગ્ર શાળા પરિવારે સક્રિયતા દાખવી હતી.

## ગૂજરાત વિદ્યાપીઠ-રાંધેજા ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવાઈ



ગાંધીનગર, તા. ૧૫

રાષ્ટ્રીય સેવા યોજના, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે વ્યાખ્યાન આપતા વિવેકાનંદ કેન્દ્ર, ગાંધીનગરના રજનીકાંતભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધીજીની કર્મભૂમિ ગૂજરાત વિદ્યાપીઠમાં ગ્રામ વ્યવસ્થાપન અને સ્નાતક અભ્યાસક્રમના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું હતું કે દેશના વિકાસમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર વિશ્વપ્રસિદ્ધ બે વિભૂતિઓ - સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધી બંને સમકાલીન અને એક જ દાયકામાં જન્મેલા હતા. સ્વામીજીનું જીવન યુવાનો માટે એટલા માટે પ્રેરણાદાયક છે કે તેમણે યુવાનીમાં જ વિશ્વને ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવ્યો હતો. તેઓ ગાંધીજીની જેમ સત્યના આગ્રહી હતા.

સ્વામી વિવેકાનંદે કોઈ પુસ્તકની રચના કરી ન હતી પણ એક અંગ્રેજ ભાવિકે તેમનાં ભાષણોનો સંગ્રહ કર્યો હતો, જે આજે વિવેકાનંદ સાહિત્ય તરીકે વિવિધ ભાષાઓમાં જન કલ્યાણાર્થે ઉપલબ્ધ છે.

વ્યાખ્યાન બાદ વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.

કાર્યક્રમ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈન દ્વારા અને આભાર દર્શન ડૉ. કૈલાશ ભોયે દ્વારા કરવામાં આવ્યું હતું.

## જેએમપી ગોપાલક વિદ્યાસંકુલ ખાતે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક વ્યાખ્યાન




જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે બૉર્ડની પરીક્ષામાં સફળતા માટે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા દ્વારા પ્રેરક પ્રવચન અને તાજેતરનાં ઉદાહરણો ટાંકતું પ્રેરણાત્મક પ્રવચન આપી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વદારો કરવામાં આવ્યો હતો. સમસ્યાઓનો સામનો કરી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા અને પોતાનો માર્ગ સ્વયં પ્રશસ્ત કરવા તેમણે વિદ્યાર્થીઓને શીખ આપી હતી.

## ધણપની પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો



ધણપ પ્રાથમિક શાળા દ્વારા વિદ્યાર્થીઓ માટે ચાર દિવસના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. દ્વારકા, બેટ દ્વારકા, પોરબંદર, સુદામાપુરી, માધાપર બીચ, સોમનાથ, દિવ, સાસણ ગીર, જૂનાગઢ, વિરપુર જેવાં સ્થળોની આ પ્રવાસ અંતર્ગત વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી અને આ સ્થળો વિશે માહિતી એકત્ર કરી હતી.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન અને

## શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ દ્વારા 'લેખ લખવાની કળા' વિષયે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના વિષયો ઉપર લેખ લખે અને લેખનકાર્ય શીખે તે હેતુથી 'લેખ લખવાની કળા' વિષયે વ્યાખ્યાન અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ લેખ એટલે શું ? લેખની લાક્ષણિકતાઓ, તેના પ્રકારો વિશે માહિતી આપી હતી. વિવિધ શાળા-કૉલેજોમાંથી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો અન્વયે લેખો લખ્યા હતા.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી જ્યોતિબેન મણિલાલ ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન (બીસીએ) દ્વારા

# ટેલેન્ટ સ્પાર્ક અંતર્ગત ટીન ટેલેન્ટ સ્પર્ધા યોજાઈ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી જ્યોતિબેન મણિલાલ ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કમ્પ્યુટર ઍપ્લીકેશન (બીસીએ) દ્વારા ટેલેન્ટ સ્પાર્ક અંતર્ગત ટીન ટેલેન્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર અનો અમદાવાદ જિલ્લાની ધોરણ-૧૧ અનો ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ મહેંદી, રંગોળી, સલાડ ડેકોરેશન, અંગ્રેજી ગ્રામર અને કમ્પ્યુટર કન્સેપ્ટ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રંગોલી સ્પર્ધામાં પ્રથમ ક્રમે શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય



(ગ્રાન્ટેડ વિભાગ)ની વિદ્યાર્થિની અર્પી ગજ્જર, મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (નોન ગ્રાન્ટેડ વિભાગ)ની વિદ્યાર્થિની વિષ્ણા ચૌધરી, સલાડ ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થિની કિન્નરી ચૌહાણ, અંગ્રેજી ગ્રામર ટેસ્ટમાં પ્રથમ ક્રમે સૅન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, હાંસોલની વિદ્યાર્થિની અંજલી વર્મા અને કમ્પ્યુટર ટેસ્ટમાં નોન ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થિની વર્ષા ચૌધરી પ્રથમ ક્રમે વિજેતા બન્યાં હતાં. આ પ્રસંગે સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માટે સંસ્થાના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ એસ આર ચૌધરી, પૂર્વ પ્રમુખ એમ કે ચૌધરી તથા અન્ય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન ડિરેક્ટર પ્રશાંત વાઘેલાના માર્ગદર્શન હેઠળ કૉલેજનાં અધ્યાપક ખુશાલી ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત પણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કબડ્ડી, દોડ, લીંબુ-ચમચી, કોથળાદોડ, ભજન, લોકગીત, લોકવાદ્ય જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં કૉર્પોરેટર હંસાબા વાઘેલા અને નગરના જાણીતા ઍડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સુપરવાઈઝર હસમુખભાઈ પટેલ, આચાર્ય એમ બી વાઘેલા અને સંયોજક નટુભાઈ લાડાણીએ જહેમત ઉઠાવી હતી.

# મારા મહાત્મા

### ટૂંકો પરિચય

મોહનદાસ કરમચંદ ગાંધી

જન્મ : ૨ ઓક્ટોબર, ૧૯૬૯; પોરબંદર, ગુજરાત, ભારત.

### અભ્યાસ

- પ્રાથમિક અભ્યાસ પોરબંદરમાં અને રાજકોટમાં.
- વિધાન અને કાયદામાં સ્નાતક. દક્ષિણ આફ્રિકામાં, લંડનમાં વિદ્યાર્થી તરીકે સામાન્ય પરંતુ કાયદાકીય જ્ઞાન આત્મસાત થયેલું તેમ કહી શકાય.

### લગ્નજીવન

- ખૂબ જ નાની ઉંમરમાં (૧૩ વર્ષે), કસ્તૂરબા સાથે.
- ચાર પુત્રોના પિતા.
- ૩૮ વર્ષની વયે બ્રહ્મચર્ય વ્રત અનુગ્રહ્યું.

### ધંધો-આવક

- જીવનપર્યંત લગભગ કંઈ જ નહીં એમ કહી શકાય.
- મોટાભાગની જિંદગી રાજકીય, સામાજિક કાર્યોમાં જ વિતી.

### મૃત્યુ

૩૦ જાન્યુઆરી, ૧૯૪૮, દિલ્હી ખાતે. નથુરામ ગોડસે નામના કટ્ટરવાદી યુવાન દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી. અંત સમયે મુખમાંથી 'હે રામ' એમ ત્રણવાર શબ્દો નીકળ્યા.

### બાહ્ય વ્યક્તિત્વ

ખૂબ જ સામાન્ય. ૫ ફૂટ ૮ ઈંચ ઊંચાઈ. ઘઉંવર્ણી કાયા, મોટા કાન, વિશિષ્ટ ગુજરાતી વ્યક્તિત્વ, આંખો અભૂતપૂર્વ અને તેજસ્વી.

### આંતરિક વ્યક્તિત્વ

- અદ્‌ભૂત, અનન્ય
- આત્મવિશ્વાસનો મહાસાગર
- કરૂણાની મૂર્તિ
- શાંતિના દૂત
- સત્યની પ્રતિકૃતિ (સાધક)
- અહિંસા (પ્રેમ)ના પૂજારી
- જિતેન્દ્ર અને અભય (પ્રચંડ વ્યક્તિત્વનો પાયો)

યથાર્થ જ મહાત્મા કહેવાયા છે.

### વક્તૃત્વ

- વક્તૃત્વ શક્તિ સામાન્ય, પરંતુ વક્તવ્ય આત્મવિશ્વાસથી ભરપૂર અને પ્રત્યેકશબ્દ સત્યના રણકારયુક્ત.
- તેમણે જે પણ કહ્યું તે પહેલાં પોતાના જીવનમાં આચરણ કરી બતાવ્યું, જેની અસર દરેક માનવીને સાંગોપાંગ થતી.
- તેમના વક્તવ્યમાં તેમણે સ્વાધીનતાની અનિવાર્યતા અને સ્વાભિમાનપણાની યથાર્થતા પર હંમેશાં ભાર મૂક્યો.

### નેતૃત્વ

- પરાધીન ભારત દેશને મજબૂત અને દ્દઢ મનોબળયુક્ત, અજોડ નેતૃત્વ પૂરું પાડ્યું.
- ૫૦૦ વર્ષથી (૩૦૦ વર્ષ મોગલ સામ્રાજ્ય અને ૨૦૦ વર્ષ અંગ્રેજ સામ્રાજ્ય) ગુલામીના અંધકારમાં જીવતી દેશની પ્રજાને ઢંઢોળી જાગ્રત કરી, ઊભી કરી.
- પંડિત જવાહરલાલ નહેરુ જેવા ઉચ્ચ બુદ્ધિશાળી માનવીથી માંડી અત્યંત ગરીબ, અભણ, અબુધ માનવીને પણ એકસૂત્રે બાંધી રાખ્યા.
- દેશની પ્રજાને પ્રબળ, પવિત્ર અને બેદાગ નેતૃત્વ પૂરું પાડ્યું, જે તેમનામાં રહેલા કેટલાક સદ્‌ગુણોને આભારી હતું.

150 ગાંધીયાત્રા

### સદ્‌ગુણો

#### ૧. ત્યાગ

સર્વાંગી ત્યાગનો ગુણ આત્મસાત થયેલો તેમ કહી શકાય. જીવનમાં જેમ જેમ જરૂરિયાત જણાઈ તેમ તેમ ન કેવળ ભૌતિક સુખોનો ત્યાગ કર્યો પરંતુ મનથી પણ પ્રત્યેક સાંસારિક જીવનચર્યાનો ત્યાગ કર્યો.

સ્ત્રી, સત્તા, સમાજ અને સંસારથી પર એક માનવેતર સ્થિતિ તેમણે કેળવી હતી. ત્યાગની આ ભાવના તથા ગુણે તેમના વ્યક્તિત્વને બેદાગ અને નિર્લેપ બનાવ્યું હતું. તેઓ સાંસારિક સંત હતા એમ કહી શકાય.

#### ૨. બ્રહ્મચર્ય

કોઈ એક સંત કે યોગસિદ્ધિ પુરુષ જ કરી શકે તેવું દ્રઢ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી બતાવ્યું.

બ્રહ્મચર્ય વ્રત પાલનના ગુણે તેમના વ્યક્તિત્વને સુદીર્ઘ ઓજન અને દ્દઢતા બક્ષી.

મન-વચન-કર્મથી બ્રહ્મચર્ય વ્રતના પાલનનો જીવનપર્યંત દ્રઢ આગ્રહ રાખ્યો.

#### બ્રહ્મચર્યની સત્યતાના પ્રયોગો


જીવનના અંત સમયે તેમણે નોઆખલીમાં કરેલા બ્રહ્મચર્યની સત્યતાના અખતરાઓ સાંસારિક તેમજ સામાજિક દ્દષ્ટિએ વિવાદાસ્પદ જરૂર રહ્યા. વળી આધ્યાત્મિક દ્દષ્ટિથી પણ આ પ્રયોગો ખતરનાક હતા. સાથે સાથે તેમની આત્મકથામાં તેમણે કબૂલ્યું છે કે ઘડપણમાં અને જીવનમાં અંત સમયે પણ તેમને સમયાંતરે રાત્રિસ્ખલન થતું હતું. સામાન્ય માનવીય દ્દષ્ટિકોણથી આવી હકીકતો તેમનામાં પૂર્ણપણે 'મહાત્માપણું' કે 'સંતપણું' હતું કે નહીં ? તેવી શંકા કરવા પ્રેરે છે, પરંતુ આ ઘટનાઓને યોગિક કે આધ્યાત્મિક દ્દષ્ટિકોણથી સમજવી જરૂરી છે. ગાંધીજીએ જીવનપર્યંત દેશની સ્વતંત્રતા માટેનું ભગીરથ પરંતુ સાંસારિક કામ કર્યું. હવે, પ્રત્યેક સાંસારિક કાર્ય કરવા માટે શરીરની કાર્યશક્તિની જરૂર પડે, તો પછી આ માટે શરીરને પોષણની જરૂર પડે. અને આ પોષણ મનુષ્યને ખોરાકમાંથી મળે છે. એટલે કે જે ખોરાકથી મનુષ્યની દસેય કર્મેન્દ્રીયો કે જ્ઞાનેન્દ્રિયો તથા પાંચેય મહાભૂતો પોષણ મેળવી કાર્યશીલ રહે છે તે જ ખોરાક મનુષ્યની ઈચ્છાશક્તિ કામ, ક્રોધ, મદ, મોહ, લોભ)ને પણ પ્રજ્વલિત રાખે છે. આ જ કારણ હતું કે જેણે ગાંધીજીને આવા ખતરનાક પ્રયોગો કરવા મજબૂર કર્યા અને તેમનામાં રહેલી માનવીય નબળાઈને છતી કરી.

#### ૩. સત્યપાલન

સત્યપાલન માટે તેઓ ખૂબ મક્કમ હતા અને એ માટે મરી ફિટવાનીય તેમની તૈયારી હતી, જે અંતમાં સાબિત પણ થયું.

#### સત્યના શોધક અને સાધક

'સત્ય એ જ ઈશ્વર છે' એ સૂત્ર તેમના અનુભવ અને આત્મજ્ઞાનનો નિચોડ રહ્યો. આખરે તેમને 'પરમસત્ય'નો અહેસાસ થયો હતો તેવું પ્રતીત થાય છે. સ્વતંત્રતાની લડતનો પાયો સત્યાગ્રહ જ હતો. (ક્રમશઃ)



- ડૉ. બદ્રિશ એચ સંઘવી